# ટ્રેક નં. ૬૫ : જ્ઞાન અને વૈરાગ્ય વિષે

✻ શું જ્ઞાન અને વૈરાગ્ય સાથે જ હોય? ચાલો પૂછી લઈએ પૂજ્ય બહેનશ્રીને.

✻ માંગલિક

✻ ભક્તિ : જ્ઞાન વગર વૈરાગ્ય, વૈરાગ્ય નથી, વાલીડા..જ્ઞાન..
રુંધયેલો કષાય એ કહેવાય,
પણ ભાઈબંધ જ્ઞાન વિના જીવને
એ કષાય ન ઓળખાય. જ્ઞાન ને વૈરાગ્ય બે ભેરુડા.

❀ બહેનશ્રી : યથાર્થ જ્ઞાન જેને થાય, જ્ઞાયકની ધારા પ્રગટે એનું ફળ વિરતી છે. એને વિભાવનો રસ છૂટવો જ જોઈએ. કોઈને એમાંથી કે પુરુષાર્થ ઊપડી જાય છે. દરેક જીવની યોગ્યતા અનેક પ્રકારની હોય છે. એ દૃઢતા થવાનું, પ્રતીત થવાનું કારણ બને છે. જ્ઞાન આત્મા નિત્ય છે. પોતાનું અસ્તિત્વ તો સદાય નિત્ય જ છે. અનેક જન્મ મરણ કરતાં કરતાં જીવ પોતે શાશ્વતો નિત્ય જ છે. ૧.

✻ **પ્રશ્ન : લૌકિક સંગનો પરિચય નહીં કરવો? લૌકિક સંગનો પરિચય છોડી દેવો?**

● ઉત્તર : લૌકિક સંગનો પરિચય કરે તો પોતાને નુકશાનનું કારણ છે. લૌકિક તો પોતાની એટલી મંદતા, પુરુષાર્થની મંદતા છે. માટે સત્સંગ કર એમ શાસ્ત્રમાં આવે છે. તે સત્‌સંગ કરીને તારો પુરુષાર્થ પ્રગટ કર એમ કહે છે. લૌકિક સંગ તજી દેવાની શક્તિ હોય તો તજી દેવો. ન શક્તિ હોય તો તેના પરની રુચિ ઓછી કરીને આત્માનો સંગ ને સત્‌પુરુષનો સંગ કરવો એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રના સાનિધ્યમાં રહેવું કે જેને પુરુષાર્થ પોતાને ઉપડવાનું કારણ થાય છે અને લૌકિક સંગ તો નુકશાનનું કારણ થાય છે કારણ કે પોતે એટલી પુરુષાર્થની પોતાની શક્તિ નથી માટે એવો નિમિત્ત અને ઉપાદાનનો સંબંધ છે. પોતાની મંદતાને કારણે. એ લૌકિક (સંગ)ની

અસર પોતાને મંદતાને કારણે થાય છે. માટે લૌકિક સંગની રુચિ પોતાને હોવી ન જોઈએ. રુચિ તો એવી હોવી જોઈએ કે 'મને સાચા દેવ, ગુરુ અને શાસ્ત્ર એ બધું મળે એવી જાતની રુચિ પોતાને હોવી જોઈએ. છૂટાય તો છૂટી જવું લૌકિક સંગથી. એ તો છોડવા યોગ્ય છે. જેને સમ્યક્‌દર્શન થાય, જે ગૃહસ્થાશ્રમમાં હોય છે જે અંતરમાંથી ન્યારા થઈ ગયા હોય, ભેદજ્ઞાનની ધારા પ્રગટી હોય. સ્વાનુભૂતિની દશા હોય છે તોપણ એ એમ ભાવના ભાવે છે કે ક્યારે હું સર્વ સંગ પરિત્યાગી થઈ ને મુનિદશા અંગીકાર કરું અને હું મારા આત્માનું ધ્યાન જંગલમાં જઈને કરું 'એવી ભાવના ભાવે છે. તો જેને સમ્યક્‌દર્શન થયું અંતરમાંથી ન્યારા થઈ તેને પણ એવી ભાવના આવે છે, તો પછી જે મુમુક્ષુ જિજ્ઞાસુ હોય છે એને તો લૌકિક સંગ છૂટી જાય અને દેવ-ગુરુ-શાસ્ત્રનું સાનિધ્ય મળે એવી રુચિ અને એવી ભાવના કરવી એ તો લાભનું કારણ છે અને એ જ પોતાને ઉપાદાન પ્રગટ થવાનું કારણ બને છે. ૨.

❀ બહેનશ્રી : બે-ત્રણ કળશો એ જ આવે છે. એ વીતરાગ ભાવે તે જાણે, એ કળશો ઘણી વાર બોલું છું. 'સમ્યગ્દષ્ટિ ભવ .... નિવૃત્તમ્ જ્ઞાન વૈરાગ્ય શક્તિ' સમ્યગ્દષ્ટિને જ્ઞાનવૈરાગ્યની એવી કોઈ શક્તિ કોઈ અચિંત્ય છે કે જેને લેપ નથી લાગતો. સમ્યગ્દષ્ટિ અંતરથી એવા નિરાળા થઈ ગયા હોય છે. એને જ્ઞાન પ્રગટ થયું અને વૈરાગ્ય પ્રગટ થયો છે. એ બેય એવી જુદી જાતના પ્રગટ થયા છે કે એને લેપ નથી લાગતો. અંતરથી નિર્લેપ છે એ નિર્લેપ, એ કોઈ અંદરથી ન્યારો થઈ ગ્યો છે એનો આત્મા. જે અનાદિની એકત્વબુદ્ધિ હતી એનો રસ આ જે એકત્વરૂપે અનંત રસ એ અનંતાનુબંધી કહેવાય છે એનાથી છૂટો પડીને એકલો જ્ઞાયક ન્યારો થયો ને એને રસ છૂટી ગયો. એનો વૈરાગ્ય ય જુદી જાતનો છે. એ પોતાને ગ્રહણ કરે છે ને પરનો ત્યાગ છે. એ ગ્રહણ ને ત્યાગની એવી વિધિ એને પ્રગટ થઈ ગઈ છે. ગ્રહણ ત્યાગની વિધિનો અભ્યાસ કરે છે કે પોતે

પોતામાં ટકે છે ને બીજાથી બધા પ્રકારે સર્વ પ્રકારે વિરમે છે. એટલે કે દૃષ્ટિ અપેક્ષાએ વિરમી ગયો છે. હજી અસ્થિરતા તો એને બાકી છે. દૃષ્ટિ અપેક્ષાએ વિરમી ગયો છે. બધી રીતે વિરમી જ ગયો છે દૃષ્ટિ અપેક્ષાએ. જ્ઞાયકને ગ્રહણ કર્યો તે કર્યો. હવે વિભાવની દિશા, એની દૃષ્ટિ આખી સ્વભાવની દિશા તરફ, એની પરિણતિ આખી સ્વભાવની દિશા તરફ છે. અસ્થિરતા અલ્પ છે એને ગૌણ કરે. બધી રીતે નિર્લેપ થઈ ગયો છે. અલ્પ લેપ લાગે એ ગૌણ છે. એને છૂટી જવાનો છે. એનું મૂળ જેમ ઝાડનું કપાઈ જાય પછી ઝાડ પાંગરવાનું નથી એમ એને મૂળમાંથી એવું. જ્ઞાયકની દશા કોઈ જુદી પ્રગટ થાય છે. બધી રીતે કામકાજ ચક્રવર્તીના રાજમાં બેઠો હોય તોય ખાતા, પીતા, સૂતા એ બધી રીતે નિર્લેપ છે. એ ખાતા ય નિર્લેપ, ચાલતા ય નિર્લેપ, લડાઈમાં નિર્લેપ. એ બધી રીતે નિર્લેપ જ રહેતો હોય છે. ક્ષણે ક્ષણે એની નિર્લેપની જ દશા વર્તતી હોય છે. અંદરથી ન્યારો ને ન્યારો રહે છે. એકત્વ થાતું નથી. ન્યારી દશા પ્રગટ થઈ. અંતરમાંથી સ્વાનુભૂતિની દશા પ્રગટ થઈ. એની દશા આખી જુદી થઈ ગઈ છે. માટે એને લેપ લાગતો નથી. એના ઉપરથી પછીના કળશમાં એમ જ કહે છે કે સમ્યક્‌દૃષ્ટિને લેપ લાગતો નથી એટલે એમ કોઈ કલ્પિત કહે કે 'હું સમ્યગ્દૃષ્ટિ છું. મને લેપ નથી લાગતો' એમ માનીને જો કહે તો એને એ લેપ તો બંધાય છે. પછીના કળશમાં એ આવે છે. અહીં તો એમ જ કહે છે કે સમ્યગ્દૃષ્ટિને લેપ લાગતો નથી. એની ત્યાગ વૈરાગ્યની શક્તિ સામાન્યપણે પહેલા એનો ત્યાગ થાય. વિશેષ એટલે કાંઈ આમ ગણી ગણીને ત્યાગ નથી કરતો. બધો વિભાવનો ત્યાગ એને એક સાથે જ થઈ જાય છે. એવી એની અંતરની દશા જે વિભાવમાં—પછી કહે કે વિભાવ આ રહ્યો ને આ રહ્યો એમ નહીં. તે સર્વસ્વત્યાગી. એક અપેક્ષાએ તેને બધો જ, જ્ઞાયકની મૂળ તળમાંથી તે સર્વસ્વ ત્યાગી થઈ ગયો. પણ હજી અસ્થિરતા છે. એની મુનિની દશા નથી એટલે એને અસ્થિરતાનો

લેપ છે. એ પછી અંતરમાં લીનતા વધારતો વધારતો સ્વાનુભૂતિની દશા વધતાં વધતાં પછી મુનિ દશા જ્યારે આવે છે ત્યારે બધું એને છૂટીને અંતરની સાધના કરવા જંગલમાં જાય છે. એ એની દશા કોઈ અદ્ભૂત થાય છે પછી, પણ ગૃહસ્થાશ્રમમાં પણ એની દશા-જ્ઞાયકની ધારા કાંઈ જુદી જ હોય છે. 'સુદષ્ટિ એ રીતે જ્ઞાયક સ્વભાવ જ જાણતો.' એ પોતે પોતાને જ્ઞાયક જાણે છે. 'પુદ્ગલ કર્મરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ, આ મારો સ્વભાવ નથી. હું એક જ્ઞાયક ભાવ છું. હું જ્ઞાયક, હું જ્ઞાયક, સદાને માટે જ્ઞાયક'. શક્તિ અપેક્ષાએ જ્ઞાયક હતો પણ પ્રગટ જ્ઞાયક થઈ જાય છે એ જ્ઞાયકની એને જીવનની દશા જગતથી જુદી થઈ જાય છે. એ કળશમાં છે. એને નિર્જરા થાય છે. બંધ થતો નથી. એની દશા, આવી રીતે દશા સાધીને ચક્રવર્તીઓ અને બધાને મોક્ષના, મુક્તિનો માર્ગ પ્રગટ થયો છે. એવી લાઈન એની મુક્તિની થઈ ગઈ છે. એની અંતરની દશા ભરત ચક્રવર્તી અરીસા ભવનમાં ઊભા. એક નિમિત્ત માત્ર ધોળા વાળનું બન્યું પણ એમાં તો એને એવો વૈરાગ્ય, શ્રેણી માંડી દીધી અંતરમાં. ને કેવળજ્ઞાનની દશા પ્રગટ થઈ ગઈ. એ અંતરમાં એવા ન્યારા હોય તો થઈ જાય ને?૩

ભક્તિ : યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો,
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો. (૨)

❀ બહેનશ્રી : યમ નિયમ સંયમ આપ કિયો. સંયમ લીધો, ત્યાગ વૈરાગ્ય લીધો. પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લીયો, વનવાસ રહ્યો. વનવાસમાં રહ્યો. વનવાસમાં રહ્યો, મુખ મૌન રહ્યો.' મુખથી મૌન ધારણ કર્યું. કોઈની સાથે બોલે નહીં. મૌન રહ્યો. 'દૃઢ આસન પદ્માસન' લગાવી દીધું. 'દૃઢ આસન પદમ લગાઈ દીયો.' જપ ભેદ જપે. તપ ત્યોં હી તપે. ભેદ જપે, બધા ભેદ જપે, બધા જાપ જપ્યો. તપ તપ્યો. 'જપ ભેદ જપે, તપ ત્યૌંહી તપે. ઉરસે ઉદાસીન'— ઉદાસીન થઈ ગયો. બધાથી 'વહ સાધન બાર અનંત કિયો તદપિ

કછુ હાથ હજુ ન પર્યો.'

એવા સાધનો અનંતવાર કર્યા પણ હજી કાંઈ હાથમાં આવ્યું નહીં. આ બધુંય કરી છૂટ્યો પણ કાંઈ હાથમાં ન આવ્યું. 'અબ ક્યોં ન વિચાર કરે મનસે, કછૂ ઔર રહ્યા ઉન સાધનસે.' એના સાધનમાં કંઈક જુદું જ રહ્યું છે. વિચાર કે આ બધું કર્યું તોય શું રહી ગયું ? બિન સદ્ગુરુ કોઈ ભેદ ન લહે. મુખ આગળ' સદ્ગુરુ વગર એ કોઈ ભેદ જાણી શકતું નથી. તારી આગળ જ છે પણ તું બહાર દોડ્યા કરે છે. બહાર ક્યાંય નથી. 'દૌડત દૌડત દૌડિયો, જૈસી મનકી દોડ. જે દોડ્યો એ તારા મનથી બહાર ને બહાર તું દોડ્યો. 'જૈસી મનકી દોડ' પણ કાંઈ હાથમાં ન આવ્યું. અંતરમાં એક જ્ઞાયકની દશા પ્રગટ થાય, જ્ઞાયકને ઓળખે, ન્યારો થઈ જાય તો એ આખી મુક્તિની દશા પ્રગટ થાય. એના બદલે બહારની આટલો ક્રિયાકાંડ કરી ચૂક્યો, કષ્ટ કર્યા કેટલા ? તપ તપ્યો, ઉપવાસ કર્યા, માસખમણ કર્યા પણ તોયે કાંઈ પ્રગટ થયું નહીં અંતરમાંથી. અંતે એમને એમ રહ્યો. નવમી ગ્રૈવેયક સુધી જઈને પાછો ઈ ને ઈ દશા ઊભી રહી. અંતરમાંથી જે શાંતિ આવવી જોઈએ, અંતરમાંથી જે આનંદ આવવો જોઈએ એ કાંઈ થયું નહીં. કરવાનું તો અંતરમાંથી છે. આ ત્યાગ વૈરાગ્યની શક્તિ અંતરમાં પ્રગટે છે. આ ત્યાગ ને વૈરાગ્ય બહારથી ઘણો લીધો. આ ત્યાગ કર્યા અને આ વૈરાગ્ય કર્યા પણ અંતરમાં ત્યાગ વૈરાગ્યની શક્તિ કોઈ અજબ અને અચિંત્ય રહી જાય છે. આ આશ્ચર્ય લાગે કે બહારથી આ બધું કરે છે ને અંતરમાં ન્યારો ! એને લેપ લાગતો નથી તમે ક્યો છો અને ઓલા મુનિ થાય, બધું છોડીને બેઠો, બહારથી નિર્લેપી દેખાય તોય તમે તો તેને બંધવાળો કહ્યો છે. એ તો લેપમાં બેઠો એમ કહો છે. આ તે કંઈ જાતનું છે ? ૪.

*** પ્રશ્ન : જીવનું જ્ઞાન લક્ષણ જાણવાથી લક્ષ એવો આત્મા પ્રસિદ્ધ થાય છે. એવું આગમ વચન છે. તો સાથે નિર્જરા, વૈરાગ્ય ભાવ. સંસાર પ્રત્યેની વિરક્તિ વિગેરે ભાવોની કાંઈ જરૂર રહી કે નહીં ?**

❀ ઉત્તર : જ્ઞાન લક્ષણથી જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે. જ્ઞાયક તો જ્ઞાન લક્ષણથી જ પ્રસિદ્ધ થાય છે એ તો શાસ્ત્રમાં આવે છે. ગુરુદેવ પણ વારંવાર કહેતા'તા કે જ્ઞાન લક્ષણ આત્માનું અસાધારણ લક્ષણ છે. એનાથી જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે. ગુરુદેવે ઘણું સમજાવ્યું છે. જ્ઞાન લક્ષણથી જ જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે. પણ એ જ્ઞાયક જ્યાં ગ્રહણ કરે છે ત્યાં એની વિરક્તિ વગર જ્ઞાન-જ્ઞાયક ગ્રહણ થાતો જ નથી. જ્ઞાન લક્ષણથી જ્ઞાયક ગ્રહણ કરે ત્યાં વિરક્તિ આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થતો જ નથી. એટલે એને ગ્રહણ કરવાનો મુખ્ય ઉપાય જ્ઞાન લક્ષણથી જ્ઞાયક ગ્રહણ થાય. જ્ઞાન લક્ષણથી જ્ઞાયકની પ્રસિદ્ધિ થાય છે. વૈરાગ્ય વચ્ચે આવ્યા વગર ઈ વિભાવથી છૂટો પડીને જ્ઞાયકને ગ્રહણ કરવા જાય તો એને વૈરાગ્ય આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થતો જ નથી. જ્ઞાયકની મહિમા આવ્યા વગર, જ્ઞાયકનું લક્ષણ જાણ્યા વગર જ્ઞાયક ગ્રહણ થતો નથી. વિભાવથી વિરક્ત થાય, સંસારથી વિરક્ત થાય તો જ જ્ઞાયક ગ્રહણ થાય છે. એવો એને સંબંધ છે. જ્ઞાયક ગ્રહણ કરવા જ્ઞાન લક્ષણથી જ્ઞાયક ગ્રહણ કરે એમાં વિરક્તિ આવ્યા (વગર—રહે નહીં) સાચું ગ્રહણ કરે તો વિરક્તી આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થાતો જ નથી. કોઈ બોલવા ખાતર કે શુષ્કતાથી ગ્રહણ કરે એની વાત નથી. શુષ્કતાથી જે વૈરાગ્ય ન હોય ને જ્ઞાયક ગ્રહણ થઈ ગયો એમ માની બેસે તો એ યથાર્થ નથી. આચાર્યદેવ તો યથાર્થ વાત કરે છે કે જ્ઞાન લક્ષણથી જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે. આત્માનું અસાધારણ લક્ષણ જ્ઞાન લક્ષણ છે. એ જ્ઞાન લક્ષણથી જ જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે. પણ ઈ વિરક્તિ આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થાતો જ નથી. એ વચ્ચે આવે જ છે. જેને જ્ઞાયક ગ્રહણ કરવો હોય એમાં વિરક્તિ વચ્ચે આવે જ છે. જેમ બંધો તણો સ્વભાવ જાણીને, આત્માનો સ્વભાવ જાણીને બંધમાં વિરક્ત થાય તો કર્મથી મુક્ત થાય છે. એમ વિરક્તી જેમ ચારિત્રદશામાં જેમ લીનતામાં પણ વિરક્તી આવે એમ પહેલાં જ્ઞાયક ગ્રહણ કરવામાં પણ વિરક્તિ હોય છે. વિશેષ વિરક્તિ થાય, ચારિત્ર

ગ્રહણ થાય ત્યારે આ પણ અંદર જે વિભાવથી વિરક્ત થાય છે. ઈ વિરક્તિ આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થાતો જ નથી. સમ્યક્દર્શનમાં અમુક અંશે વિરક્તિ છે કારણ અનંતાનુબંધી કષાયો છુટી જાય છે. એટલે વિરક્તી આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થતો જ નથી. સંસાર પ્રત્યે ઉદાસીનતા, શુભાશુભ ભાવોથી બધાથી વિભાવથી વિરક્તી આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થતો જ નથી એવો એને સંબંધ છે. પણ મૂળ લક્ષણ જ્ઞાયક ગ્રહણ કરવામાં જ્ઞાન લક્ષણથી ગ્રહણ થાય છે એમ– એકલો વૈરાગ્ય કર્યા કરે અને હેતુ જ્ઞાયકને ગ્રહણ કરવાનો ન રાખે તો જ્ઞાયક ગ્રહણ થાતો નથી. એવો વૈરાગ્ય એણે અનંતકાળમાં ઘણીવાર કર્યો પણ જ્ઞાયકનું લક્ષ ગ્રહણ કરવાનું નહોતું તો જ્ઞાયક ગ્રહણ થયો નહીં. વૈરાગ્યની સાથે જ્ઞાયકને ગ્રહણ કરવાનો હેતુ હોવો જોઈએ. જો હેતુ જો હોય તો જ્ઞાનલક્ષણથી જ્ઞાયક તો જ્ઞાન લક્ષણથી ગ્રહણ થાય છે પણ એની સાથે વૈરાગ્યને બધું હોય છે. યથાર્થ જ્ઞાયક ક્યારે ગ્રહણ થાય? વિભાવથી વિરક્તી થાય તો. સર્વથા વિરક્તી પછી થાય. પણ અંશે વિરક્તી એને પ્રતીતમાં તો આવી જાય. વિરક્તિ આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ થાતો જ નથી એવો તેનો સંબંધ જ છે. જ્યાં જ્ઞાયક ગ્રહણ થયો તો એની સાથે વિરક્તિ, જ્ઞાન, જ્ઞાયકની મહિમા એ બધું સાથે આવી જ જાય છે. અને 'સર્વ ગુણાંશ સમ્યક્દર્શન.' એની સાથે બધા ગુણો એક જ્ઞાયકને ગ્રહણ કરવાથી–એની પ્રતીત, એનું જ્ઞાન, એની લીનતા, અંશે લીનતા છે. એની દિશા ફરી જાય છે. દરેક ગુણો એને સ્વરૂપ તરફ એની દિશા ફરી જાય છે. જે પર સન્મુખ હતી તે દિશા જ્ઞાયક તરફ થઈ જાય છે. સર્વ ગુણ પ્રગટ 'સર્વગુણાંશે સમ્યક્દર્શન' બધા ગુણો એની સાથે પ્રગટે છે. મુખ્ય લક્ષણ જ્ઞાયકને ગ્રહણ કરવાનું–જ્ઞાન લક્ષણ છે. જ્ઞાન લક્ષણ વગર જ્ઞાયક ગ્રહણ થતો નથી. એનું મૂળ અસાધારણ લક્ષણ છે. જ્ઞાયકમાં અનંત ગુણો છે પણ જ્ઞાન લક્ષણથી જ પ્રસિદ્ધ થાય છે. એનાથી પ્રસિદ્ધ થાય છે. એ જ્ઞાયક ગ્રહણ થયા પછી સ્વાનુભૂતિ પણ એનાથી જ થાય છે. એના વગર એક મૂળ બીજ,

બીજને ગ્રહણ કરીને પછી એમાંથી ઝાડ થાય છે પણ મૂળને જો ગ્રહણ ન કરે તો એમાંથી કાંઈ વૃક્ષ ન થાય. ફળ-ફૂલ બધું—એ મૂળ બીજને ગ્રહણ કરે અને બીજમાં પાણી રેડે તો ઈ વૃક્ષ થાય. એમ વૈરાગ્યમાં માત્ર રોકાય જાય તો જ્ઞાયક ગ્રહણ ન થાય. એનો હેતુ જ્ઞાયક ગ્રહણ કરવાનો હોવો જોઈએ. પણ જ્ઞાયક એકલો લૂખો ગ્રહણ જ થાતો નથી. એને વિરક્તી આવે વિભાવથી, એને આ આકુળતા છે બધી. આ મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ જ્ઞાયક છે, એમ વિરક્તિ આવ્યા વગર જ્ઞાયક ગ્રહણ જ થાતો નથી. આ બાજુથી છૂટે તો ન્યારો થાય અને આને ગ્રહણ કરે તો ઈ છૂટે એવો સંબંધ છે. શુભાશુભ બન્ને ભાવોથી અને વિરક્તિ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે હોય છે. એને શુભ ભાવો જ્યાં સુધી હોય ત્યાં સુધી હોય છે પણ એને હેય બુદ્ધિએ આવે છે. દેવ-ગુરુનો સાથ એને છૂટતો નથી પણ એ શુભભાવ આકુળતા રૂપ છે. એટલે જ્ઞાયક ગ્રહણ એને બધી રીતે 'હું તો નિર્વિકલ્પ શુદ્ધાત્મા છું.' એવી રીતે ગ્રહણ-એવી જ રીતે એને ગ્રહણ થાય છે. હેય બુદ્ધિએ બધું આવી ગયું છે. દેવગુરુ શાસ્ત્ર નિમિત્તમાં એને હોય છે. ઉપાદાન પોતાનું હોય છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર, મુનિ હોય તો પણ એને વિકલ્પ આવે છે. શાસ્ત્રો રચે છે. એ સાથે હોય પણ એને વિરક્તિ તો એ પહેલાં અંશે ને પછી વધારે વિરક્તિ હોય છે. વિરક્તિનો સાથ તો હોય, વિરક્તિ તો હોય જ છે. ૫.

● ભક્તિ : જ્ઞાન વગર વૈરાગ્ય વૈરાગ્ય નથી,
રુંધાયેલ કષાય એ કહેવાય,

**પ્રશ્ન : અધ્યાત્મમાં પ્રવેશ જ ત્યાં સુધી થતો નથી ? (વૈરાગ્ય વગર)**

ઉત્તર : અધ્યાત્મમાં પ્રવેશ થાતો નથી. રુચિ છૂટે સંસાર તરફની તો જ્ઞાયક તરફ જાય. રુચિ તો છૂટવી જોઈએ ને ? રુચિ-બહારની એકત્વ પૂર્વક રુચિ પૂરેપૂરી હોય બહારની અને જ્ઞાયક ગ્રહણ કરવાની વાત કરે તો એમ જ્ઞાયક ગ્રહણ ન થાય. રુચિ

અંતરમાંથી છૂટી જાવી જોઈએ. આ કાંઈ મારે જોતું નથી. આ બધું દુઃખમય છે. આ બધું આકુળતામય છે. આ સંસાર આખો દુઃખમય છે. સુખ અને શાંતિ મારા આત્મામાં છે. આ વિભાવ અને વિકલ્પની જાળ બધી દુઃખમય છે. વિકલ્પની જાળમાં એને ક્યાંય શાંતિ લાગે નહીં. એવી વિરક્તિ અંતરમાંથી આવવી જોઈએ તો જ્ઞાયક ગ્રહણ થાય. રુચિ તો છૂટી જાવી જોઈએ, ને સ્વભાવ તરફની રુચિ જાગવી જોઈએ. એકલી રુચિ જ છૂટે ને પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરવાનું ધ્યેય ન હોય તો ગ્રહણ થાતું નથી. વૈરાગ્ય કરે, પણ રુચિ-અસ્તિત્વ ગ્રહણ કરવાનું ધ્યેય હોવું જોઈએ. ધ્યેય સાથે હોવું જોઈએ. એમાંથી જ્ઞાયક ગ્રહણ કરે, એમાંથી જ એને ભેદજ્ઞાનની ધારા ને બધું એમાંથી જ થાય. જેટલું કલ્યાણભૂત, પરમાર્થભૂત છે એટલું આ જ્ઞાન છે. જ્ઞાન એટલે જ્ઞાયક છે. જેટલું પરમાર્થરૂપ સત્યાર્થ કલ્યાણરૂપ છે તે જે આ જ્ઞાન છે. ઈ જ્ઞાન એને લુખું નથી. એ જ્ઞાન. ભરચક ભરેલું છે. જ્ઞાન-જ્ઞાયક આખો મહિમાથી ભરેલો છે. જ્ઞાન એટલે માત્ર જાણપણું નહીં. જ્ઞાયક આખો સ્વતઃ જ્ઞાન સ્વરૂપ છે. ઈ જ્ઞાયક આખો અનંત મહિમાથી ભરેલો જ્ઞાયક અનંત ગુણથી ભરેલો છે. જ્ઞાન એટલે માત્ર જાણવાનું એવો અર્થ નથી. એ જ્ઞાયક જાણપણામાં એને જેટલું પરમાર્થ સ્વરૂપ, સત્યભૂત, જો કલ્યાણભૂત હોય તો જે આ જ્ઞાયક છે, જે આ જ્ઞાન છે. તે છે. હવે એને પ્રગટ કેવી રીતે કરવો ? એ જ્ઞાયકને જ્ઞાન લક્ષણથી—જ્ઞાન લક્ષણથી ગ્રહણ કરવા કઈ રીતે જાય ? કે વિરક્તિ આવ્યા વગર ગ્રહણ થાતું નથી. બેયની સાથે સંબંધ છે. તેને ગ્રહણ કરવાનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે. ૬.

✻ પ્રશ્ન : તેથી કરીને ચારિત્રથી પહેલી શરૂઆત કરવી એવું કાંઈ નથી ?

● ઉત્તર : એને જ્ઞાન લક્ષણથી જ એનું ગ્રહણ કરે તો. એમ કીધું ને જ્ઞાન લક્ષણ કે એની શરૂઆત ઈ બાજુથી થાય છે. પણ વૈરાગ્યનું એને સાથે આવ્યા વગર રહેતું નથી. એમાં રચે(લો) પચેલો

હોય બહાર, એ રસથી ભરેલો હોય અને અંદર 'મને જ્ઞાયક પ્રગટ થયો છે' એ તો બધી બોલવાની વાત છે. એ શુષ્કતા છે. ૭.

✻ પ્રશ્ન : બહારમાં ગમે તેટલું એકત્વ દેખાતું હોય બહારમાં તો તે જુદો છે?

● ઉત્તર : બહારમાં એકત્વ દેખાતું હોય (પણ) ખરી રીતે એકત્વ થ્યું જ નથી. એ જુદો ને જુદો જ રહે છે. રાગ જુદો થાય ત્યારે એ જુદો જ રહે છે. એની પરિણતિ જુદી. પુરુષાર્થની મંદતાએ જોડાયેલો દેખાય (છે.) વાસ્તવિક એકત્વ થયું નથી. બહારથી પહેલા એકત્વ થાતું હતું હવે જ્ઞાન થયા પછી એકત્વ થાતું જ નથી. જુદો ને જુદો, ન્યારો જ રહે છે. ૮.

✻ પ્રશ્ન : જ્ઞાનની જે પરિણતિ ચાલુ છે એમાં તો એકત્વ પૂરેપૂરું રહેને ?

● ઉત્તર : એની સાથે એકત્વ પરિણતિ એની સાથે રહે. પૂરેપૂરું એકત્વ છે. પણ એની આ પરિણતિનું વેદન થાય એ વેદન મારાથી જુદું એમ નથી માનતો એ એની સાથે એકત્વ છે. જ્ઞાન ને આનંદ સ્વભાવે સ્વાનુભૂતિ થઈ, જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ એનાથી હું જુદો છું એ જોર એને નથી. ઓલામાં અત્યંત જોર દૃષ્ટિનું છે. આ શરીર જુદું, આ વિભાવનો સ્વભાવ મારો નથી, વિભાવ મારો નથી. એ અત્યંત જોરથી જુદા તે જુદા જ છે. એવું સ્વભાવ પરિણતિમાં એ જોર જ નથી. એક અંશ છે એમ એ જાણે છે. જોર નથી એમાં કે આનાથી હું જુદો છું. આ અંશ પરિણતિ ને હું ત્રિકાળ છું. હું ત્રિકાળ અને આ ભેદ છે એટલું જાણે છે. એમાં એવું જોર નથી. એ તો વેદન છે તે મારી સ્વ તરફની પર્યાય છે. સ્વ તરફ સ્વ તરફનો ભાગ છે. આ ઓલો વિભાવ તરફનો ભાગ હતો. આ મારા નાતા સંબંધવાળા છે. ઓલા (વિભાવની) હારે નાતો કે સંબંધ કાંઈ નથી. શુદ્ધ પર્યાય પોતાની જાતની છે. પોતાનો સ્વભાવ નાતવાળો છે. એનાથી એવું જોર નથી. દૃષ્ટિની અપેક્ષાએ જાણે છે કે આ પર્યાય અંશ છે. દૃષ્ટિ—દ્રવ્ય ઉપર જોર છે એનું ને

પર્યાયને એમ જુદી નથી જાણતું. તેવા જોરવાળું નથી. ૯.

✻ પ્રશ્ન : એમાં મોટો ફેર છે ?

● ઉત્તર : બેયમાં મોટો ફેર છે એ અપેક્ષા જાણે છે. આ દ્રવ્ય તે ત્રિકાળ, ગુણ તે ત્રિકાળ (ને) આ અંશ છે પ્રગટેલી પર્યાય. પણ એ જોર નથી એમાં કે આ સ્વભાવ તરફનો ભાગ છે, પેલો વિભાવ તરફનો. પહેલા ઈ યથાર્થપણાને ભૂમિકા, યથાર્થપણાના માર્ગે જઈ શકે તેમ છે. એની રુચિ અંતરમાં—ભલે અંદરમાંથી ઊંડી પ્રતીતિ આત્માને આશ્રયે જે ગ્રહણ કરે તે યથાર્થ સમ્યગ્દર્શનમાં એવું નથી એને, તો પણ એના માર્ગે ઈ જઈ શકે છે. માર્ગ અનુસારી થઈ શકે છે કે આ શુભાશુભ ભાવ મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ એક ચૈતન્ય તત્ત્વ. કોઈ અપૂર્વ મહિમાવંત તત્ત્વ છે. એમાં મહિમા આવે એવી અપૂર્વતા લાગે. એ કોઈ અદ્‌ભૂત તત્ત્વ છે. એની મહિમા આવે. આ શુભાશુભ ભાવ આકુળતામય છે, આ દુઃખમય છે. એવી જાતના વિચારો, એવી જાતની પ્રતીતિ પણ કરી શકે છે. જ્ઞાન વૈરાગ્ય આ કરી શકે છે કે જેની પાછળ અવશ્ય એને સમ્યગ્દર્શન થાય એવી ભૂમિકાને એ પ્રાપ્ત કરી શકે છે. પાણીની શીતળતા દૂરથી દેખાય, હજી પાણી સુધી પહોંચ્યો નથી. એની શીતળતા એના અમુક લક્ષણો ઉપરથી નક્કી કરે કે આ જ્ઞાયક સ્વભાવ, જાણનાર સ્વભાવ, કોઈ અદ્‌ભૂત તત્ત્વ છે. એ કોઈ જુદો જ છે. એનો નિર્ણય હજી એને પહોંચી નથી શક્યો તો પણ એ કરી શકે છે. એને લઈને એને એ જાતનું જ્ઞાન, એને જાતનું વૈરાગ્ય, વિરક્તિ. એ જાતની. મહિમા એ કરીને એ માર્ગને અનુસરી શકે છે. આને પહોંચ્યા પહેલા એની ભૂમિકામાં પણ એને સાચા માર્ગે જઈ શકે છે. અને કોઈ અપૂર્વ રુચિ થાય, અપૂર્વ દેશના લબ્ધિ થાય અંતરમાંથી, કે માર્ગ તો આ જ છે. આ શુભાશુભભાવથી જુદો એક આત્મા એ કાંઈ જુદું તત્ત્વ છે અને તે જ સર્વસ્વ છે. આ બધું બહારમાં ક્યાંય સર્વસ્વપણું નથી. કોઈ જાતની વિશેષતા એને લાગતી નથી આત્મા સિવાય. એક આત્મા જ

સર્વસ્વ છે કોઈ બીજું વિશેષ (નથી) જગતની કોઈ વસ્તુ તેને અલૌકિક લાગતી નથી. બધું લૌકિક લાગે છે. એક અલૌકિક તત્ત્વ આત્મા છે. એવી જાતની અપૂર્વ રુચિ કરી શકે છે. એને લઈને એ સાચા માર્ગે જઈ શકે છે. ૧૦.

*** પ્રશ્ન : જ્ઞાન ઔર વૈરાગ્ય સાથમેં રહતા હૈ ઉસકા સ્પષ્ટીકરણ કરેંગે ?**

● ઉત્તર : જ્ઞાન ઔર વૈરાગ્ય સાથમેં રહેતે હૈ. પુરુષાર્થ તો જાનતે હૈ તબ કરતે હૈ પણ ભીતરમેં જો વૈરાગ્ય નહીં હુઆ તો કિસ કામકા ? એકલા સૂકા જ્ઞાન ક્યા (કામ) કરેગા ? ભીતરમેં વિરક્તિ, વિભાવસે વિરક્ત હોના ચાહીયે. વૈરાગ્ય હોય સાથમેં, અચ્છા નહીં લગે સંસારમેં. યે સ્વભાવ, સ્વભાવમેં સબ કુછ હૈ. ઈસકી રુચિ, નિર્ણય ઐસા હોના ચાહિયે. ઈતના શાસ્ત્ર પઢો, પર ભીતરમેં 'મૈં આત્માકા કલ્યાણ કરું' ઐસા જો સાથમેં વૈરાગ્ય નહીં હોતા તો અકેલા જ્ઞાન કુછ કર નહીં સકતા હૈ. પણ કોઈ અકેલા વૈરાગ્ય કરે કે સંસારમેં દુઃખ હૈ, ઐસા હૈ, ઐસા કરકે વૈરાગ્ય કરતા હૈ. સબ છોડ દેતા હૈ, ત્યાગ કરતા હૈ. વ્રત કરતા હૈ, સબ કરતા હૈ પણ ક્યાં જાવું ? ક્યા માર્ગમેં જાના?' વો જ્ઞાન નહીં હોવે તો કિસ કામકા? ઐસા જીવે બહોત કિયા અનંત બાર, સબ દુઃખ લગા, સંસારમેં દુઃખ હૈ, ઐસા છોડકર મુનિ હુવા, ઐસા હુવા પરંતુ જ્ઞાન નહીં હુઆ. આત્માકા જ્ઞાન નહીં હુઆ તો કિસ કામકા? વો દોનોં સાથમેં હોના ચાહિયે. જ્ઞાનકે સાથમેં વૈરાગ્ય હોના અને વૈરાગ્યકે સાથમેં જ્ઞાન હોના ચાહિયે. જ્ઞાન ઐસા પ્રયોજનભૂત તો હોના ચાહિયે. કિ કૌન(સા) માર્ગમેં જાના હૈ ? કહાં જાના હૈ ? આત્માકા ક્યા સ્વભાવ હૈ ? આત્મામેં સુખ હૈ. આત્મામેં આનંદ હૈ. સબ ઐસા જ્ઞાન હોના ચાહિયે. યે વિભાવ મેરા સ્વભાવ નહીં હૈ. મેરા સ્વભાવ જ્ઞાયક સ્વભાવ હૈ. ઐસા જ્ઞાન સાથમેં હોના ચાહિયે. આત્માકા દ્રવ્ય, ગુણ, પર્યાયકા, આત્માકા દ્રવ્ય ક્યા ? ગુણ ક્યા ? પર્યાય ક્યા ? સબકા

જ્ઞાન હોના ચાહિયે. અકેલા યે સબ ત્યાગ કર દેતે હૈ. છોડ દેતે હૈ. આતે હૈ ને !

'યમ નિયમ સંયમ આપ કિયા, ત્યાગ વૈરાગ્ય અથાગ લિયા.' તબ ક્યાં? પર જબ આત્મ જ્ઞાન નહીં હુવા, તો સબ શુભભાવ હુઆ, પુણ્ય બંધ હુઆ, નવ ગ્રૈવેયકમેં ગયા પણ આત્માકા જ્ઞાન નહીં હુઆ તો ભવકા અભાવ નહીં હોગા અને વો શાસ્ત્ર પઢ લેતે હૈ પણ ભીતરમેં વૈરાગ્ય નહીં હુઆ. યે અચ્છા નહીં હૈ. 'સંસાર એ પર દ્રવ્ય હૈ. મૈં સ્વદ્રવ્ય મૈં હૂં' કોઈ અપૂર્વ અલૌકિક ચીજ હૈ. ઈસકી મહિમા નહીં કરી ઈસકી વિભાવસે વિરક્તિ. વૈરાગ્ય નહીં આયા તો ક્યા એકલા જ્ઞાન ? શાસ્ત્રકા સ્વાધ્યાય કિયા પણ ભીતરમેં કુછ નહીં કિયા તો ભી લાભ નહીં હુઆ. ૧૧.

**✻ પ્રશ્ન : દ્રવ્યલિંગી તો જ્ઞાન ઔર વૈરાગ્ય સાથમેં જો હૈ તબ ભી વિશુદ્ધિ નહીં હોતી ?**

● ઉત્તર : જ્ઞાન ઔર વૈરાગ્ય દોનો કરતે હૈં પણ જ્ઞાન ઐસા કિયા નહીં. આત્માકા જ્ઞાન નહી કિયા ઔર વૈરાગ્ય ભી ઐસા ભીતરમેંસે નહીં કિયા. બહારસે તો છોડ દિયા. સબ છોડકર ચલા ગયા. ઐસી ક્રિયા કરી, બહોત (ક્રિયા) કરી. જૈસા શાસ્ત્રમેં આતા હૈ ઐસા બહારસે બહોત કિયા ઔર જ્ઞાન ભી બહુત હુઆ. ભીતરમેં અગિયાર અંગકા જ્ઞાન હો ગયા પણ ભીતરમેંસે આત્મતત્ત્વકો નહીં પહેચાના. 'મૈં આત્મા કૌન હૂં? ઔર મેરા ક્યા સ્વભાવ હૈ? મૈં કોઈ અદ્‌ભૂત ચૈતન્ય દ્રવ્ય હૂં' ઐસા દ્રવ્યકો પીછાના નહીં. ઈસકી મહિમા આયી નહીં. ઈસકા વૈરાગ્ય હુઆ નહીં. ભીતરમેંસે નહીં હુઆ. જ્ઞાન પણ હુઆ, વૈરાગ્ય પણ હુઆ, સબ ઉપર ઉપરસે. અગિયાર અંગકા ભીતરમેંસે ક્ષયોપશમ હો ગયા અગિયાર અંગકા. પણ મૂળ પ્રયોજનભૂત તત્ત્વ—ઈસકો નહીં પહિચાના. જ્ઞાન વૈરાગ્ય દોનો સાથમેં હૈ. ઉપરસે સાથમેં હુઆ. ભીતરમેં જે મૂળ તત્ત્વ હૈ, ઈ તત્ત્વકો નહીં પહિચાના. સબ બોલતે હૈ. સબ વિચાર કરતે હૈ કે દ્રવ્ય,

ગુણ પર્યાય ઐસા હૈ ઐસા હૈ. ચર્ચા કરતે હૈ. પણ ભીતરમેં મૂળ તત્ત્વ ચૈતન્ય તત્ત્વ ભીતરમેં સે નહીં પિછાના, ઐસા જ્ઞાન કુછ કામકા નહીં હુઆ. ભીતરમેં વૈરાગ્ય ભી ભીતરમેંસે વૈરાગ્ય વહાંસે છોડ દિયા. ભીતરમેં વહ શુભ ભાવકા, શુભભાવમાં રુચિ રહી ગઈ. એવી રુચિ રહી ગઈ અંદર ઊંડી કે એને ખ્યાલ નથી આવતો કે શુભભાવ હૈ. અશુભભાવસે તો વૈરાગ્ય હુઆ. પણ શુભભાવમાં રુચિ રહી ગઈ. 'મૈં શુભાશુભભાવસે ભી ભિન્ન હૂં' ઐસા વૈરાગ્ય ભીતરમેં નહીં હુઆ. બસ એકલા નિવૃત્તિમય ચૈતન્ય તત્ત્વ, નિર્વિકલ્પ તત્ત્વ એમાં જ સુખ છે. બીજે ક્યાંય સુખ નથી. એવી જાતનો નિર્ણય અને એવી રુચિ ન થઈ. શુભભાવમાં રુચિ રહી ગઈ. ૧૨

*** પ્રશ્ન : દ્રવ્યલિંગ ક્રિયા, પણ ભીતરમેં શુભભાવમેં રહ ગઈ?**

● ઉત્તર : હા પણ ભીતરમેં રુચિ શુભભાવમાં રહી ગઈ. એ શુભભાવ ભી આત્માકા સ્વભાવ નહીં હૈ. શુભભાવસે દેવલોક હોતા હૈ. ભવકા અભાવ તો નહીં હોતા હૈ. શુભભાવ હોતા હૈ બીચમેં પણ વો આત્માકા સ્વભાવ તો નહીં હૈ. એ ભી વિભાવ હૈ. પ્રવૃત્તિમય હૈ. આકુળતામય હૈ. દુઃખરૂપ હૈ. ભીતરમેં વિચાર કર સકતે હૈ. 'ઇસસે ભી ભિન્ન મૈં આત્મા હૂં.' ઐસી રુચિ નહીં હુઈ. ૧૩.

*** પ્રશ્ન : મુમુક્ષુના જીવનમાં ત્યાગ વૈરાગ્યનું મહત્વ કેટલું? તત્ત્વ નિર્ણય ઉપર વધારે સ્વાધ્યાય કર્યા કરે કે? ત્યાગ વૈરાગ્યનું કેટલું મહત્વ?**

ભક્તિ :...એ ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને ભાન,
એ...અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. (૨)

● ઉત્તર : તત્ત્વનો વિચાર કરે. તત્ત્વનો યથાર્થ વિચાર કરે એમાં એને ત્યાગ વૈરાગ્ય આવ્યા વગર રહેતો નથી. પણ ત્યાગ વૈરાગ્યમાં જ રોકાઈ જાય અને તત્ત્વ નિર્ણય ન કરે તો પછી ત્યાગ વૈરાગ્ય અનંતકાળમાં ઘણીવાર કર્યા, પણ તત્ત્વ વિચાર કર્યા નથી. માટે ત્યાગ ને વૈરાગ્યમાં અટકી જાય. તત્ત્વનિર્ણય કરે પણ ત્યાગ

વૈરાગ્ય ભેગા આવી જાય. યથાર્થ તત્ત્વનો નિર્ણય જેને પુરુષાર્થ હોય તો એમાં ત્યાગ વૈરાગ્ય આવ્યા વગર રહેતા નથી. એને અંતરમાં વિરક્તિ, 'આ વિભાવ નથી જોતો, આ જન્મ મરણ નથી જોતા. આકુળતા નથી જોઈતી. મારે આત્મા જોય છે.' એવી જાતની વિરક્તિ આવી જાય છે. અને જે સંસારનો રસ હોય એ ઈ એને ઓછો થઈ જાય છે એટલે ત્યાગ વૈરાગ્ય એને અંતરમાં આવી જાય છે. એનો તત્ત્વનિર્ણય તરફ પુરુષાર્થ જાય છે યથાર્થપણે કે મારે આત્માને ઓળખવો છે. એમાં ભેગો ત્યાગ વૈરાગ્ય એને સમાઈ જાય છે. પણ એકલો ત્યાગ વૈરાગ્યમાં અટકી જાય તો એવું અનંતકાળમાં ઘણીવાર કર્યું છે. માટે તત્ત્વ નિર્ણય મુખ્ય હોવો જોઈએ. પણ તત્ત્વનિર્ણય કરીને પછી એમાં ઈ એવો ન હોય કે એમાં રચ્યોરચ્યો હોય, કે એમાં રાગ, દ્વેષ એવો કષાય હોય. એમાં તત્ત્વ નિર્ણય વાળો એમાં વિશેષ રસવાળો હોય જ નહીં. તત્ત્વનિર્ણયવાળો એવો હોય એમાં ત્યાગ વૈરાગ્ય સમાઈ ગયા હોય છે. 'ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં' ચિત્તમાં નથી, અંતરમાં હોય છે એને તત્ત્વનિર્ણયવાળાને ! 'એ અટકે ત્યાગ વૈરાગ્યમાં', ત્યાગ વૈરાગ્યમાં જ અટકી જાય તો પોતાને જ્ઞાન નથી એટલે આત્માનો નિર્ણય કરવાનો મુખ્ય તત્ત્વ નિર્ણય છે. આત્માને સામજવાનો તત્ત્વનો નિર્ણય છે તેમાં ત્યાગ વૈરાગ્ય ભેગો આવી જાય છે. તત્ત્વનિર્ણયવાળો લૂખો લૂખ્ખો શાસ્ત્રની વાત કરતો હોય તોય બરાબર નથી. એ લૂખું નહીં, હૃદય ભીંજાયેલું હોવું જોઈએ પણ એમાં અટકી ન જાવું, ત્યાગ વૈરાગ્યમાં, એ નિર્ણય કરે આત્માનો સ્વભાવ જ્ઞાયક શું છે? ઓળખે સાચી સમજણ વગર આગળ જઈ શકાતું નથી. ૧૪.

સદ્‌ગુરુદેવનો જય હો. ભગવતી માતનો જય હો.